

# પર્યાવરણ

## ધોરણ-૪

દ્વિતીય સત્ર

## વાર્ષિક માસવાર આયોજન



વર્ષ - ૨૦૨૪/૨૫

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

**આવા દરેક ધોરણના વિષયવાર આયોજન**
**શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.**

SHIKSHAN SAGAR APPLICATION 2024-25

## નવેમ્બર માસનું પાઠ આયોજન
## ૧૪. રાજુનું ખેતર

**અધ્યયન નિષ્પતિ :**

4.05 રોજિંદા જીવનમાં (ખેતી, બાંધકામ, કલા, હસ્તકલા વગેરે)નું વર્ણન કરે છે તથા વડીલો પાસેથી મળતો વારસો અને તાલીમ (સંસ્થાઓની ભૂમિકા)નું મહત્વ વર્ણવે છે.

4.06 ખોરાક, પાણી, કપડાં જેવી મૂળભૂત જરૂરિયાતોના ઉત્પાદન અને વિતરણની પ્રક્રિયા (જેમ કે મૂળ સ્રોતથી ઘર સુધી, અનાજનું ખેતરમાંથી બજારમાં અને ત્યાંથી ઘર સુધી પહોંચવું તથા સ્થાનિક જળસ્રોતમાંથી પાણીનું શુદ્ધીકરણ અને વપરાશ માટેની રીતો) સમજાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- આપણા વિસ્તાર માં ઊગતા પાક વિષે ચર્ચા
- ઊગતા પાક ની સમજ
- ખેતર માં કરવામાં આવતા કામો વિષે વાત, સમજ
- ખેતરમાં વપરાતા સાધનો
- બીજ ની વવાણીની સમજ
- અંકુર, નીંદણ જેવા શબ્દોની સમજ, લણવું
- ખેતર ની મુલાકાત
- ફળ, શાકભાજી બજાર માં લઈ જવા માટે વપરાતા વાહન
- ચિત્રો જોઈ ઓજારોના નામ તથા ઉપયોગ
- પાક ઉગાડવા કરવા પડતાં કામ

**શૈક્ષણિક સાધન :**

- ઓજારો ના ચિત્ર
- વિડીયો નિદર્શન
- કમ્પ્યુટર માં વિડીયો ચિત્રોનું નિદર્શન

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને રાજુના ખેતર પાક દ્વારા વાંચન કરી ખેતરમાં ઉગાડવામાં આવતા જુદા જુદા પાક વિશે ચર્ચા તથા વાત કરીશ. આપણા વિસ્તારમાં કયા કયા પાક લેવાય છે તે પૂછીશ. અને વિદ્યાર્થીઓને તે માટે નજીકના ખેતર માં નજીકના ખેતરની મુલાકાત કરાવી સંપૂર્ણ માહિતી ખેડૂત ભાઈ પાસે સંભળાવીશ. તેમાં પાક કેવી રીતે ઉગાડવામાં આવે છે. અને તે ઉગાડવા માટે કેવા કેવા કામ કરવા પડે છે તે પુસ્તક માં ચિત્રો દ્વારા સમજાવીશ. ત્યારબાદ ખેતર માં ખેતી કરવા માટે

કયા કયા સાધનનો ઉપયોગ થાય તે વિદ્યાર્થીઓ ને પૂછીશ તેમણે જોયેલા સાધનોના નામ બોલશે. બીજા "ઈલ્લીજ" જેવા સાધનો છે ન જાણતા હોય તેના ચિત્રો અથવા વિડીઓમાં કે રૂબરૂ બતાવી તેના વિવિધ ઉપયોગ તેમને સમજાવીશ. તતઃ ચિત્રપોથી બનાવવાનો પ્રોજેક્ટ કરીશું. વર્ગમાં કેટલાક ઓજારોના ચિત્ર બતાવી તથા પુસ્તક માં બતાવી તેના નામ જણાવવા વિદ્યાર્થીઓને કહીશ. તથા ન જાણતા સાધનોના નામ અને તેના ઉપયોગની વિગતવાર માહિતી આપીશ. વિદ્યાર્થીઓને પાઠનું વારાફરતી વાંચન કરાવીશ અને સમજ આપીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- ખેતરની મુલાકાત
- ઓજારોના ચિત્રો તથા નામ ની બુક બનાવવાનો પ્રોજેક્ટ

**મૂલ્યાંકન**

- રજૂ એ તેના પિતાને કયા કયા કામમાં મદદ કરી ?
- તમારા ઘર નજીક કોઈ ખેતર છે ? તેમાં શું ઉગાડવામાં આવે છે ?
- ખેતર માં કયા કયા ઓજારો વપરાય છે તેના નામ લખો
- સૂકી ડાળી કાપવા કયું સાધન વપરાય છે ?

## ડિસેમ્બર માસનું પાઠ આયોજન
## ૧૫. બજાર થી ઘર સુધી

**અધ્યયન નિષ્પતિ :**

4.06 ખોરાક, પાણી, કપડાં જેવી મૂળભૂત જરૂરિયાતોના ઉત્પાદન અને વિતરણની પ્રક્રિયા (જેમ કે મૂળ સ્રોતથી ઘર સુધી, અનાજનું ખેતરમાંથી બજારમાં અને ત્યાંથી ઘર સુધી પહોંચવું તથા સ્થાનિક જળસ્રોતમાંથી પાણીનું શુદ્ધીકરણ અને વપરાશ માટેની રીતો) સમજાવે છે.

4.09 ગુણધર્મો અને ઘટનાઓનું અનુમાન કરે છે, પ્રમાણિત અને બિનપ્રમાણિત એકમો (જેમકે કિલોગ્રામ, ગજ, પગલાં, ડગલાં, મીટર વગેરે) દ્વારા અવકાશી જથ્થા (અંતર, વજન, સમય)નો અંદાજ કાઢે છે તથા

સાદા અને હાથવગા ઉપાયો દ્વારા કાર્યકારણ સંબંધની ચકાસણી કરે છે. (જેમ કે બાષ્પીભવન, ઘનીભવન, શોષણ તથા પદાર્થોનું કદ, વૃદ્ધિ, ફળ, ફૂલ અને શાકભાજીનું ટકાઉપણું)

**શૈક્ષણિક મુદ્દા :**

- શાકભાજીનું મોટું બજાર (મંડી) વિષે ચર્ચા
- વૈશાલીના પરિવારની વ્યવસાય માટે આગાઉની તૈયારી તથા દિનચર્યા, કામ, પરિચય
- સમય જોતાં શીખવું, દર્શાવવું
- પુસ્તકમાં ચિત્ર દ્વારા શાકભાજી અને ફળોની ઓળખ
- જલ્દી બગડી જાય કે થોડા દિવસ સારા રહે તેવા ફળો, શાકભાજીની ચર્ચા
- નરમ કે બરછડ લગતા ફળો, શાકભાજી

**શૈક્ષણિક સાધન :**

- ઘડિયાળ
- કલર બોક્સ
- ફળો તથા શાકભાજી ના ચાર્ટ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વૈશાળીના પરિવાર વિષે વિદ્યાર્થીઓને પુસ્તક દ્વારા શાકભાજીના વેપાર તથા તેમની દિનચર્યા. તેમના નામ તથા ઘરના દરેક વ્યક્તિ કયા કયા કામ કરે છે તે વાંચી સાંભળવીશ. અને સમજાવીશ. વિદ્યાર્થીઓને વારાફરતી વાંચવા કહીશ. ટૂંક પ્રશ્નો વર્ગમાં પૂછી એક વાક્યમાં જવાબ આપશે. વર્ગ ખાંડ માં ઘડિયાળ બતાવી દરેક ને વારાફરતી સમય જોઈ બોલતા શિખવીશ. વર્ગમાં ફળો તથા શાકભાજી ના ચાર્ટ વિદ્યાર્થીઓને બતાવી તેના નામ ઓળખ કરવા જણાવીશ. પુસ્તકમાં આપેલ ચાર્ટમાં ફળો શાકભાજીનું ચિત્ર બતાવી તેના નામ ઘોડા ખારવા જણાવીશ. ઓળખ કરવા જણાવીશ. પુસ્તકમાં ફળો શાકભાજી નું ચિત્ર બતાવી તે ઓળખ કરવી તેના નામ લખવા જણાવીશ. દરેકની તેમ રંગ પુરાવા જણાવીશ. પુસ્તકમાં આપેલ ચાર્ટમાં ફલો અને શાકભાજીનું કોષ્ટકમાં વર્ણન કરવા જણાવીશ. વર્ગમાં ચર્ચા કરી યોગ્ય સમજ આપી બંને કોષ્ટક પુરવીશ. તેમ બીજા નામ પણ આવડે તે ઉપર્યવિષ. ત્યારબાદ કયા ફળ, શાકભાજી નરમ કે બરછડ

છે તે વર્ગ માં નામ સાથે વિધાર્થીઓને બોલાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- નામ સાથે ફળો ના તથા શાકભાજીના ચિત્રો પોથી બનાવવાનો પ્રોજેક્ટ

**મૂલ્યાંકન**

- તમે તમારા દિનચર્યાનું વર્ણન કરો.
- તમારા ઘર માટે શાકભાજી તમને કયાથી મળે છે ? કોણ લાવે છે ?
- તમારા ઘર તમારા મોટા પિતાને તમે કયા કયા કામમાં મદદ કરો છો ?

## ડિસેમ્બર માસનું પાઠ આયોજન

### ૧૬. કામનો મહિનો

**અધ્યયન નિષ્પતિ :**

4.02 પક્ષીઓ અને પ્રાણીઓમાં રહેલ વિવિધતાઓને ઓળખે છે. (જેમ કે ચાંચ દાંત, પંજો, કાન, વાળ, માળો / રહેઠાણ વગેરે)

4.04 મોટાં કે નાના સમૂહમાં રહેતાં પ્રાણીઓ (જેમ કે કીડી, માખી, હાથી વગેરે) અને માળો બાંધતાં પક્ષીઓના વર્તનોને તેમજ જન્મ, લગ્ન અને સ્થળાંતરને કારણે માનવકુટુંબમાં થતા ફેરફારોને સમજાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- ગિજુભાઇ બધેકા વિશે ચર્ચા પરિચય, તેમની બાળવાર્તાઓ
- આસપાસના વાતાવરણમાં પક્ષીઓનું અવલોકન કરી વર્ગમાં ચર્ચા
- પક્ષીઓના નામ તથા ઓળખ, તેમના અવાજ, વિશેષતા
- પક્ષીઓના રહેઠાણ, ખોરાક વિશેષતાઓ
- પત્ર લેખન કરવાની સરળ રીતની સમજ
- પક્ષીઓની ઓળખ માટે ટચુકડા કોયાડા બનાવવા
- માળાનું ચિત્ર દોરવું
- પક્ષીઓના પંજા તેની જરૂરીયાત પ્રમાણે પ્રકાર
- પક્ષીઓની ચાંચ ખોરાક પ્રમાણે જુદા જુદા પ્રકાર

- પ્રાણીઓના દાંત વિશે ચર્ચા
- પક્ષીનું ચિત્ર દ્વારા તેના શરીરના ભાગોના નામ

**શૈક્ષણિક સાધન :**

- પક્ષીઓના ચાર્ટ
- કમ્પ્યુટરમાં પક્ષીના વિડીયો નિદર્શન

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને ગિજુભાઇ બધેકાનું ચિત્ર બતાવી તેમનો પરિચય આપીશ. તેમની બાળવાર્તાઓ વિદ્યાર્થીઓને લાઇબ્રેરીમાંથી વાંચવા આપીશ. ત્યાર બાદ શાળા તથા ઘરની આસપાસના વાતાવરણમાં બાળકોને પક્ષીઓનું અવલોકન કરવા જણાવીશ. તે શું ખાય છે ? તેની તેને કેટલી આંખો, કાન, પંજા, ચાંચ કેવી છે ? તે કયાં રહે છે વગેરે અવલોકન કરવા કહીશ. વર્ગમાં જોયેલું વારાફરતી બોલવા જણાવીશ. ત્યાર બાદ વર્ગમાં પુસ્તકનું આદર્શ વાંચન કરી વિદ્યાર્થીઓને તેની સમજ આપીશ. પુસ્તકનું આદર્શ વાંચન કરાવીશ. પક્ષીઓના ચિત્ર બતાવી તેના નામ પૂછીશ. તેની વિશેષતાઓની વર્ગમાં ચર્ચા કરી માહિતી આપીશ અને સમજ આપીશ. પક્ષીઓના અવાજ કેવા હોય છે તે વર્ગમાં આનંદદાયક પ્રવૃત્તિ કરાવીશ. દરેક વિદ્યાર્થી પોતાની મનગમતા પક્ષીનો અભિનય કરશે. અવાજ પરથી બીજા વિદ્યાર્થીઓ તે પક્ષીને ઓળખી નામ બોલશે. પુસ્તકમાં જેમ આ પત્ર લેખન કર્યું છે તેમ અલગ – અલગ વિષયોને સાદા સરળ વાક્યોની વર્ગમાં ચર્ચા કરી પત્ર લેખન કરવાની સમજ આપીશ. પક્ષીઓની ઓળખ માટે વિદ્યાર્થીઓ સમક્ષ નાના કોયડા બનાવી વર્ણન બોલીશ. વિદ્યાર્થીઓ ઓળખી નામ બોલશે. મોબાઇલ, કમ્પ્યુટર તથા પુસ્તકમાં ચિત્ર બતાવી પક્ષીઓના જરૂરીયાત પ્રમાણે જુદા – જુદા પંજાનો અવલોકન કરાવી તેના ઉપયોગ વિશે સમજ આપીશ. તે મુજબ તેમની ચાંચ ખોરાકના પ્રમાણે કેવી છે તે વિશે વાત કરી સમજ આપીશ. વિવિધ પ્રાણીઓના દાંત વિષે ઘણા પ્રશ્નો હોય કે કેટલા દાંત હોય, ઉપર હોય કે નીચે હોય વગેરે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા

કરીશ. સમજ આપીશ. વિદ્યાર્થીઓને પોતાને કેટલા દાંત હોય છે તે વગેરે પ્રશ્ન પૂછીશ. વિદ્યાર્થીઓને ગમતા પક્ષીનું ચિત્ર દોરવા જણાવીશ તથા તેના ભાગના નામ પણ દર્શાવવા જણાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- બાળ વાર્તાઓનું વાંચન અને પ્રવૃત્તિ
- વર્ગખંડમાં વિવિધ પક્ષીઓનો અભિનય તથા અનાજ કાઢવાની પ્રવૃત્તિ

**મૂલ્યાંકન**

- ગિજુભાઇ આ પત્ર કેટલા વર્ષ પહેલા લખ્યો હતો ?
- તમે કયા કયા પક્ષીઓ જોયા છે ?
- તમે પક્ષીઓનો માળો જોયો છે ? કયા ? કોને ?
- તમને ગમતું પક્ષી કયું છે ?
- પક્ષીઓના પંજા કયા કયા ઉપયોગમાં આવે છે ?
- પક્ષીઓ ચાંચ કયા કયા ઉપયોગ કરે છે ?
- તમને ગમતા પક્ષીનું ચિત્ર દોરો.

## જાન્યુઆરી માસનું પાઠ આયોજન
## ૧૭. તેજલ અમદાવાદમાં

**અધ્યયન નિષ્પતિ :**

4.04 મોટાં કે નાના સમૂહમાં રહેતાં પ્રાણીઓ (જેમ કે કીડી, માખી, હાથી વગેરે) અને માળો બાંધતાં પક્ષીઓના વર્તનોને તેમજ જન્મ, લગ્ન અને સ્થળાંતરને કારણે માનવકુટુંબમાં થતા ફેરફારોને સમજાવે છે.

4.14 જોયેલ અને અનુભવેલ (શાળા પરિવાર પડોશની) બાબતો (જેમ કે પસંદગી, નિર્ણય, સમસ્યા નિવારણ વગેરે જાહેર સ્થળોએ પાણીનો ઉપયોગ મધ્યાહ્ન ભોજન યોજના વગેરેમાં જાતિગત ભેદભાવી, બાળઅધિકારો (જેમ કે શાળાએ જવું, બાળઅપમાન, સજા, બાળમજૂરી

વગેરે), સ્પર્શ (સારો અને ખરાબ) અંગે અભિપ્રાય આપે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- સબંધોની ઓળખ
- શહેરમાં પડતી મુશ્કેલીઓની ચર્ચા
- રહેણીકરણી
- ગામ અને શહેરમાં પાણી, રહેઠાણ જેવી જીવન જરૂરીયાતની ચીજો માટે સરખામણી ચર્ચા
- શહેરમાં શૌચાલય અને ગામડામાં શૌચાલયમાં સ્વચ્છતા, લોકોના વ્યવહારની ચર્ચા
- ફ્લેટ વિષે જાણકારી, તેની સુવિધાની વાત
- મકાનો અને ઉંચી ઇમારતો વચ્ચે તફાવત
- તેજલના મામાની જેમ અન્ય વ્યક્તિઓના ઘર છોડવાના કારણો અને તેની કુટુંબ પર થતી અસરો વિશે ચર્ચા

**શૈક્ષણિક સાધન :**

- કમ્પ્યુટરમાં ઝુંપડું, મકાનો, ફ્લેટના ચિત્રોનું નિદર્શન
- રિવરફ્રન્ટનો વિડીયો કે ફોટાનું નિદર્શન
- અમદાવાદની પ્રખ્યાત જગ્યાઓના ફોટા ચિત્રો
- ફુટપટ્ટી, પેન્સિલ, કલર બોક્સ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને તેજલ ગામમાંથી શહેર અમદાવાદમાં માતાના ઈલાજ માટે જાય છે અને ગામ અને શહેરની વસ્તી ગીચતા રહેણીકરણી, લોકોનો વ્યવહાર વર્તન વગેરેના ઘણો તફાવત જુએ છે તે સમજાવીશ. વિદ્યાર્થીઓને મમ્મીના ભાઇને મામા કહેવાય જેવા સબંધોની ગીત દ્વારા ઓળખ કરાવીશ. ગામમાંથી શહેરમાં જવા તેજની જેમ ભીડમાં બસ, ટ્રેન બજારમાં જવું, ટિકિટ લેવી, કયાં ઉતરવું, પાણી ભરવામાં ઝગડા માંથી બચવું, શૌચાલયનો ઉપયોગ કેવી રીતે કરવાનો વગેરે બાબતોમાં શહેરમાં તેજલની જેમ આપણને પણ મુશ્કેલી પડે છે. તે સમજાવીશ. તેજલના ગામમાં પાણી ભરવા તળાવ કે નદીમાં થોડી દૂર જઇ ભરવું પડતું જયારે મામાને ત્યાં એક જ નળમાં લાઇનમાં

ઉભા રહેવાનું ઝઘડા થાય છે તે વાત કરી સમજાવીશ.

- એક જ ઓરડામાં રહેવું, જમવું, સૂઇ જવું, બાથરૂમ, શૌચાલય અને રસોડું અલગ હતું. આ તફાવત વિશે બાળકોને વિસ્તૃત સમજ આપીશ. શહેરમાં ફલેટ, મકાનો, ઉંચી ઇમારતોની સુવિધાઓ વિષે કમ્પ્યુટરમાં ચિત્રો, વિડીયો બતાવી સમજ આપીશ. મકાનો અને ઉંચી ઇમારતોનો તફાવત વિદ્યાર્થીઓને સુવિદ્યાથી માંડીને તમામ બાબતો સમજાવીશ. મામાને રીવરફ્રન્ટ ઉપરની જગ્યા ખાલી કરવા નોટીસ મળી તો તેમને બીજી જગ્યાએ રહેવા જવા માટે કામની જગ્યાનું અંતર, સમય, રૂપિયાનો વપરાશ વધી જાય અને કુટુંબના સભ્યોને પણ બાળકોની શાળા જવા જેવી બાબતો અસર કરે આ બધી બાબતોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓને કુટુંબની સાથે તેજલના કુટુંબની સરખામણીના પ્રશ્નો કરી જવબો બોલાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- બાળકોની પસંદગીના ઘરનું ચિત્ર દોરો.

**મૂલ્યાંકન**

- માતાના ભાઇને શું કહે છે ?
- તેજલની માતાને લઇ ગામથી અમદાવાદ કેમ આવવું પડયું હતું ?
- તેજલના માતા રહે છે ત્યાં વીજળી હશે ? તમે કેવી રીતે જાણ્યું ?
- મામા અને તેજલનું ઘર કઇ રીતે જુદું છે ?
- તમારા વિશે કહો, પુસ્તકમાં પ્રશ્નો વાંચી જવાબ લખો.
- તમારા પસંદગીના ઘરનું ચિત્ર દોરો

**જાન્યુઆરી માસનું પાઠ આયોજન**
**૧૮. ગામ ગામના પાણી**

**અધ્યયન નિષ્પતિ :**

4.06 ખોરાક, પાણી, કપડાં જેવી મૂળભૂત જરૂરિયાતોના ઉત્પાદન અને વિતરણની પ્રક્રિયા (જેમ કે મૂળ સ્રોતથી ઘર સુધી, અનાજનું ખેતરમાંથી બજારમાં અને ત્યાંથી ઘર સુધી પહોંચવું તથા સ્થાનિક જળસ્રોતમાંથી પાણીનું શુદ્ધીકરણ અને વપરાશ માટેની રીતો) સમજાવે છે.

4.10 પોતાના અવલોકનો, અનુભવો, વસ્તુઓ અંગેની માહિતી, પ્રવૃતિઓ, મહત્ત્વની ઘટનાઓ કે મુલાકાત લીધેલ સ્થળો (જેમ કે મેળાઓ, તહેવારો, ઐતિહાસિક સ્થળો) અંગે અલગ રીતે નોંધ કરે છે તથા પ્રવૃત્તિઓ અને અસાધારણ ઘટનાઓની આગાહી કરે છે.

4.14 જોયેલ અને અનુભવેલ (શાળા પરિવાર પડોશની) બાબતો (જેમ કે પસંદગી, નિર્ણય, સમસ્યા નિવારણ વગેરે જાહેર સ્થળોએ પાણીનો ઉપયોગ મધ્યાહ્ન ભોજન યોજના વગેરેમાં જાતિગત ભેદભાવી, બાળઅધિકારો (જેમ કે શાળાએ જવું, બાળઅપમાન, સજા, બાળમજૂરી વગેરે), સ્પર્શ (સારો અને ખરાબ) અંગે અભિપ્રાય આપે છે.

4.15 સ્વચ્છતા અંગેનાં તથા સંસાધનોનાં કરકસરયુક્ત અને પુન:ઉપયોગ, પુન:નિર્માણ અંગેના ઉપાયો સૂચવે છે. વિવિધ સજીવો (જેમ કે વનસ્પતિ, પ્રાણીઓ, વડીલો અને દિવ્યાંગ વ્યક્તિઓ)ની કાળજી લે છે તથા વિવિધ સ્રોતો (જેમ કે ખોરાક, પાણી અને જાહેર મિલકતો)ની જાળવણી કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- પાઠ્ય પુસ્તકમાંના ચિત્રનું અવલોકન
- આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાર્તા બનાવી શિર્ષક
- નદીની આસપાસ શરૂઆતમાં તથા નદીની વચ્ચે પાણીનો રંગ કેવો તથા શાથી બદલાયો તેની ચર્ચા
- પ્રદુષણ થવાના કારણો તથા જળ પ્રદુષણ રોકવાના ઉપાયો અંગે ચર્ચા
- વર્ષામાં અલગ – અલગ સમયે નદી, તળાવ, ઝરણામાં આવતા બદલાવ વિશે ચર્ચા
- પાણી કેવી રીતે ગંદુ થાય છે તે ચર્ચા

- સામગ્રી પાણીમાં ઓગળે, રંગ બદલાય તે પ્રવૃત્તિ

**શૈક્ષણિક સાધન :**

- પાંચ – છ બોટલ/ પ્યાલા, મીઠું, ખાંડ, લોટ, દાળ, ખાવાનો સોડા તેલ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓની પાઠય પુસ્તકમાં આપેલ નદીના ચિત્રનું અવલોકન કરાવીશ. ત્યારબાદ પુસ્તકમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી તેની વાર્તા બનાવી શિર્ષક આપવા પણ વિદ્યાર્થીઓને કહીશ. આ માટે તેમની સાથે શબ્દો તથા ચિત્રને જોઇને ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓને તે સાથે સમજ આપીશ. ચિત્રમાં નદીની આસપાસ તથા નદીમાંના પાણીનો રંગ બદલાય છે તેનું કારણ વિદ્યાર્થીઓને પૂછી ચિત્ર બતાવી પ્રદુષ્ણ તથા કેમિકલ યુકત પાણી દ્વારા ફેકટરી દ્વારા થતા પ્રદુષણની વાત કરી સમજ આપીશ. પ્રદુષણ શાના લીધે થાય છે તે કારણો વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી તેમના વર્ગમાં વારાફરતી વિચારો જાણવા પ્રયત્ન કરીશ. અને સમજ આપશી. તથા તેને રોકવાના શું ઉપાયો કરી શકાય તે વિદ્યાર્થીઓને પૂછીને ચર્ચા કરી સમજાવીશ. વર્ષમાં અલગ – અલગ સમયે નદી, તળાવ, ઝરણાંમાં આવતા જુદા – જુદા બદલાવ વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી સમજ આપશી. કમ્પ્યુટરમાં વિડીયો કે ચિત્ર બતાવી સમજ આપીશ. ત્યાર બાદ પાણી કેવી રીતે ગંદુ થાય છે તે પુસ્તકમાંથી વાંચન કરાવી તથા ચર્ચા કરીને તેના કારણો વિદ્યાર્થીઓને જણાવીશ. વિદ્યાર્થીઓને પાણી ચોખ્ખું કરવાના બે ઉપાયો વિશે વર્ગમાં પૂછીશ તથા વિવિધ સામગ્રી લઇ પાણીમાં તરે, ડૂબે, રંગ બદલાય નહી તે પ્રવૃત્તિ કરાવી સમજ આપીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- બોટલ કે પ્યાલામાં અલગ વસ્તુઓ નાખી પાણીનું અવલોકન કરવાની પ્રવૃત્તિ

- સામગ્રી પાણીમાં ઓગળે, રંગ બદલાય કે નહી તે પ્રવૃત્તિ દ્વારા સમજ

**મૂલ્યાંકન**

- તમારા ગામમાં નદી કે તળાવ છે ? શું નામ છે ?

- નદી ને સ્વચ્છ રાખવા શું કરી શકાય ?

- દરિયાનું પાણી પીવાલાયક હોય છે કે કેમ ?
- પાણી ચોખ્ખું કરવાના બે ઉપાય લખો.

**જાન્યુઆરી માસનું પાઠ આયોજન**

**૧૯. સાથે જમીએ.......**

**અધ્યયન નિષ્પતિ :**

4.14 જોયેલ અને અનુભવેલ (શાળા પરિવાર પડોશની) બાબતો (જેમ કે પસંદગી, નિર્ણય, સમસ્યા નિવારણ વગેરે જાહેર સ્થળોએ પાણીનો ઉપયોગ મધ્યાહ્ન ભોજન યોજના વગેરેમાં જાતિગત ભેદભાવી, બાળઅધિકારો (જેમ કે શાળાએ જવું, બાળઅપમાન, સજા, બાળમજૂરી વગેરે), સ્પર્શ (સારો અને ખરાબ) અંગે અભિપ્રાય આપે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- વેકેશન બાદ વર્ગમાં ઉજાણીની વાતો
- સાથે જમવાની મજા વિશે ચર્ચા મિત્ર બનાવવા
- ઉતરાયણની ઉજવણીની તૈયારી તથા તેમાં બનાવેલ કે બજારથી લાવેલ વાનગીઓ
- ઉંધીયું બનાવવા જરૂરી પડતી વસ્તુઓ, ચીકકી તલના લાડુ બનાવવાની રીત
- તહેવાર પ્રમાણે ખવાતા ખોરાકના નામ ખાસ પ્રકાર કે રંગના કપડા
- મધ્યાહન ભોજનમાં અઠવાડિયામાં ખાવા મળતી જુદી જુદી વાનગીના નામ
- ગરમ, તાજા ભોજનની મજા તથા બગાડ ન થાય તેની કાળજી
- મધ્યાહન ભોજન દરેક બાળકને હક વિશે સમજ

**શૈક્ષણિક સાધન :**

- કાગળ, ફેવિકોલ દોરો, કલર બોકસ, કાતર
- અઠવાડિક ભજનની યાદીનું બોર્ડ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને સાથે જમીએ પ્રકરણ દ્વારા વેકેશન બાદ શાળામાં પોતાની ઉજવણીની વાતો એકબીજા સાથે શેર કરી સાથે જમવાની ઉજાણી નકકી કરી વાત દ્વારા સાથે જમવાની મજા તથા મિત્રો બનાવવા જેવી મજાની વાતો વિદ્યાર્થીઓ સાથે કરીશ. સાથે જમવામાં મિત્રો બંને જુદું – જુદું જમવા મળે જેવા જુદા – જુદા વિચારો વિદ્યાર્થીઓ વર્ગમાં રજૂ કરશે.

ઉતરાયણ આવતા તેની પૂર્વે તમે શું તૈયારીઓ કરો છો તમારા ઘરે શું વાનગી બને છે તમે બજારમાંથી શું ખરીદો છો તે પ્રશ્ન વિધાર્થીઓને વર્ગમાં પૂછી વારાફરતી તેમના વિશે રજૂઆત કરાવી ઉધીયું તથા તલના લાડુ સીંગની ચીકી બનાવવા વપરાતી વસ્તુઓ તથા બનાવવાની રીત આવડે તે વિધાર્થીઓને વારાફરતી વર્ગમાં રજૂ કરવા જણાવીશ. તહેવારો પ્રમાણે આપણે કેવા કેવા કપડાં પહેરીએ છીએ અને કયો કયો જુદો – જુદો ખોરાક ખાઇએ છીએ તે ચર્ચા વર્ગમાં કરીશ. શાળામાં વિધાર્થીઓની મધ્યાહન ભોજનમાં બોર્ડ લગાવેલું હોય તે મુજબ રોજ કઇ કઇ વાનગી પીરસાય છે તે વાર મુજબ દરેકને વર્ગમાં પૂછી વિધાર્થીઓને તથા તાજુ ભોજન મળે તે શિક્ષક કાળજી રાખે છે તે વિધાર્થીઓ જાણે છે અને સમજે છે તે વર્ગમાં પોતે લાગણી વ્યક્ત કરવા દઇશ. મધ્યાહન ભોજનમં બગાડ ન થાય તે કાળજી રાખવા સૂચના આપી તથા મધ્યાહન ભોજન દરેક બાળકનો હક છે તે સમજાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- કાગળને કટિંગ કરી નાની પતંગો બનાવવી અને વર્ગમાં લગાવવાનું પ્રોજેક્ટ
- શનિવારે શાળા ઉજવણીની મજાની પ્રવૃત્તિ

**મૂલ્યાંકન**

- ઉધીયું બનાવવા કઇ કઇ વસ્તુઓ જોઇએ ?
- તલના લાડુ તથા સીંગની ચીકી કેવી રીતે બનાવાય ?
- સાથે જમવાથી શું મજા આવે ?
- તમે કયાં કયા તહેવાર ઉજવો છો ? તેમાં કયો ખોરાક ખાવ છો ?
- મધ્યાહન ભોજનમાં તમને શું શું ખાવાનું મળે છે ? ભોજન કયા સમયે આપવામાં આવે છે ?

## ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન
## ૨૦. ખોરાક અને મજા

**અધ્યયન નિષ્પતિ :**

4.06 ખોરાક, પાણી, કપડાં જેવી મૂળભૂત જરૂરિયાતોના ઉત્પાદન અને વિતરણની પ્રક્રિયા (જેમ કે મૂળ સ્રોતથી ઘર સુધી, અનાજનું ખેતરમાંથી બજારમાં અને ત્યાંથી ઘર સુધી પહોંચવું તથા સ્થાનિક જળસ્રોતમાંથી પાણીનું શુદ્ધીકરણ અને વપરાશ માટેની રીતો) સમજાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- છાત્રાલયમાં ભણવા, રહેવા તથા જમવાના અનુભવો અંગે પાઠ દ્વારા ચર્ચા
- મનપ્રિત, સ્વસ્તિક અને દિવ્યાના સંવાદો દ્વારા ગુરૂદ્વારા વિષે જાણકારી
- લંગર શબ્દની સમજ
- એકબીજાની મદદ તથા સહયોગની વાતો
- સ્વચ્છતા અને ધાર્મિક સ્થાન અંગે ચર્ચા
- અરદાસ, કઢાપ્રસાદ જેવા શબ્દોની સમજ
- વિવિધ ભાષાઓ શીખવાની મજા
- મદદ, સહકાર દ્વારા કામ ઝડપથી સારું સરળતાથી થાય છે તે સમજ

**શૈક્ષણિક સાધન :**

- ધાર્મિક સ્થાનોના ચિત્રો
- અન્નક્ષેત્રોના વિડીયો કમ્પ્યુટર દ્વારા નિદર્શન
- વીરપુર, બગદાણા જેવા સ્થળોના ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને ખોરાક અને મજા પાઠ દ્વારા મનપ્રિત, દિવ્યા, સુરજીત, સ્વસ્તિકના સંવાદો વાંચી તે છાત્રાલયમાં ભણે છે અને તેનો ત્યાં છાત્રાલયમાં રહેવાની મજા, જમવાનો ભણવાના અનુભવ વિશે વાત કરે છે. તે વિદ્યાર્થીઓને સમજાવી માહિતી આપીશ. ધાર્મિક સ્થાનોના નામ બતાવી તેના વિશે બાળકોને વાત કરીશ. ત્યાર બાદ અહીં ગુરૂદ્વારા વિષે વાત કરવામાં આવી છે. જેમ પ્રાર્થનાના શબ્દો માટે ‘અરદાસ’ એક ગડી વાનગી શીરા જેવી તેના મો કઢાહપ્રસાદ જેવા શબ્દો વપરાયા છે

તેની વિદ્યાર્થીઓને સમજ આપીશ. જુદી – જુદી ભાષાઓ શીખવાની પણ એક અલગ જ મજા છે અને ગર્વ છે. જેની વિદ્યાર્થીઓની વાત કરી શીખવી તે જાણતા હોય તેવી ભાષાઓ વર્ગમાં બોલાવીશ. ત્યાર બાદ ગુરૂદ્વારામાં કઇ રીતે એકબીજાને સહયોગ કરી જુદા જુદા કામ કરી રસોઇ બનાવતા હતા જે ઝડપથી તથા સરળતાથી સરસ બની ગઇ છે. જેના વિશે વિદ્યાર્થીઓને મદદ સહયોગ અને એકતાની તાકાતની સમજ આપીશ. ગુરૂદ્વારા જેવા તમામ ધાર્મિક સ્થળોને સ્વચ્છ રાખવામાં આવે છે. જે આપણને શીખવે છે. ત્યાર બાદ સાથે રસોઇ કરીને જમવા બેસવું તેને 'લંગર' શબ્દનો ઉપયોગ કર્યો તે વિદ્યાર્થીઓને સમજ આપીશ. આ સાથે જમવામાં જમાડવામાં મદદ કરવા સહકાર આપવાની ભાવના, એકતા પ્રેમ વગેરે ગુણોનો વિકાસ થાય છે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- ધાર્મિક સ્થાનોના ચિત્રો કર્ટીંગ કરી નામ લખી ચોટાડવાનો પ્રોજેકટ
- વર્ગમાં હિન્દી કે અંગ્રેજી ભાષાનું ગુજરાતી કરવાની ગૃપ પ્રવૃત્તિ

**મૂલ્યાંકન**

- તમારા મિત્ર કે પડોશી છાત્રાલયમાં ભણે છે ? તમે તેમને તેમના અનુભવો પૂછી માહિતી મેળવો.
- 'લંગર' એટલે શું ?
- ગુરૂદ્વારા માં બધા એક બીજાની કયા કામમાં મદદ કરે છે ?
- બાળક અને અધિકારો શું છે ?
- અરદાસ અને કઢાપ્રસાદ શબ્દોનો આ પાઠમાં શું અર્થ થાય છે ?

## ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન
## ૨૧. જગત મારા ઘરમાં

**અધ્યયન નિષ્પતિ :**

4.14 જોયેલ અને અનુભવેલ (શાળા પરિવાર પડોશની) બાબતો (જેમ કે પસંદગી, નિર્ણય, સમસ્યા નિવારણ વગેરે જાહેર સ્થળોએ પાણીનો ઉપયોગ મધ્યાહ્ન ભોજન યોજના વગેરેમાં જાતિગત ભેદભાવી, બાળઅધિકારો (જેમ કે શાળાએ જવું, બાળઅપમાન, સજા, બાળમજૂરી વગેરે), સ્પર્શ (સારો અને ખરાબ) અંગે અભિપ્રાય આપે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- મમતાના ઘરની જેમ બાળકોના ઘરમાં પણ ટીવી, પંખો, ખુરશી,પેપર કે અન્ય વસ્તુ માટે ઝઘડા થતા હોય તેવી વર્ગમાં ચર્ચા
- તફાવત કેમ ? છોકરા અને છોકરીઓમાં એક જ ઘરમાં અલગ અલગ નિયમ બાબતે વર્ગમાં ચર્ચા
- મીના કાકીની કાલ્પનિક વાર્તાનો સારાંશ અથવા જો તેમણે ૭ ના બદલે ૫ ના પૈસા આપ્યા હોય તો શું ? તેની ચર્ચા સમજ
- અનિલ અને અક્ષયની વાતની સમજ, તમારા વિચારો, ચર્ચા
- મિત્રો મિત્રોના સગા વગેરેના સ્પર્શનો ગમો – અણગમો તથા તે વિશે વિસ્તૃત ચર્ચા
- કેફી પદાર્થના સેવનની કુટેવ દૂર કરવા તેના વિશે સમજ, વર્ગમાં તાલીમ, ગૃપ ચર્ચા શિક્ષક કે અન્ય વડીલો દ્વારા માહિતી સમજ

**શૈક્ષણિક સાધન :**

- પોસ્ટર્સ
- સ્કેચપેન
- મોટા કાગળ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને આ પાઠ દ્વારા ઘણી હકીકતો જાણવા શિખવા મળે છે જેમ કે મમતાના ઘરની વાત કરી આપણા સૌના ઘરમાં પણ કોઇક વસ્તુને લઇને નાના મોટા ઝઘડા થતા જ રહે છે. વિદ્યાર્થીઓને વારા ફરતી પોતાના ઘરની વાત વર્ગમાં રજૂ કરવા જણાવીશ. વિદ્યાર્થીઓ પાઠમાંના પાત્રો ના માધ્યમથી ઘણી બાબતો લગતી હોય તે પૂછી વર્ગમાં ચર્ચા કરી યોગ્ય સમજ આપીશ. જેમ કે તેમના કે મિત્ર પડોશીના ઘરમાં છોકરા માટે અને છોકરી માટે નિયમો અલગ

અલગ રાખવામાં આવે છે આવું કેમ ? અને તે યોગ્ય છે ? વગેરે ચર્ચા કરી સમજાવીશ. મીના કાકીની વાત સારાંશ બાળકોને સમજાવી કે જેટલું લીધું છે તેટલું ચુકવવું પડે અને આ સત્યનો સિદ્ધાંત શીખવીશ. જેનાથી જીવનમાં અનેક સારા મૂલ્યોનું ઘડતર થાય છે. એક ચોખ્ખી નીતીનું નવી પેઢીમાં ઘડતર થાય છે. અનિલ અને અક્ષયની વાતમાં તમે તમારા મિત્રના ઘરે પાણી પીવો કે જમો છો વગેરે પ્રશ્નો પૂછીશ તથા જમવા ન જવાના કારણ પર તેનો નિર્ણય નિર્ભર કરે છે. તેમ સમજાવીશ. એવી જ રીતે કરશન ઘંટી કરવા માગે છે તેના નિર્ણય સાથે કાકા સહમત નથી આવું તમારી સાથે બન્યું છે તમારી આસપાસ કોઇ સાથે બન્યું છે. તમે કેવું વિચારો શું આ યોગ્ય છે. આ બધી જ ચર્ચા વિદ્યાર્થીઓના મંતવ્યો મેળવી તેમના વિચારો જાણી યોગ્ય સમજ આપીશ. કોઇ સંદિગ્ધ વ્યક્તિનો સ્પોર્ટસ્ યોગ્ય ન લાગે તો તરત જ તેની જાણ માતા – પિતાને કરવી જોઇએ જે યોગ્ય છે એવી સમજ આપીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- કોફી પદાર્થોના સેવનથી બચવા / બચાવવા બાળકો દ્વારા ચાર્ટ/ પોસ્ટર બનાવવાનો પ્રોજેકટ

**મૂલ્યાંકન**

- તમારા ઘરમાં મહત્વના નિર્ણયો કોણ લે છે ?
- તમારા ઘરના ઝઘડા પણ બતાવે છે ?
- તમારા ઘરે ભાઇ અને બહેન માટે અલગ અલગ નિયમો છે ? તે વિચારો છો ?
- કોઇના ઘરે ખાવું – પીવું યોગ્ય છે કે નહી તમે શું વિચારો છો ?
- મીના કાકીની વાર્તા દ્વારા તમે શું શિખ્યા ?
- મીના કાકીની જગ્યાએ તમે હોત તો શું કરો ?
- રીતુંની જગ્યાએ તમે હોત તો શું કરો ?

**ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન**
**૨૨. પટોળાં**

**અધ્યયન નિષ્પતિ :**

4.05 રોજિંદા જીવનમાં (ખેતી, બાંધકામ, કલા, હસ્તકલા વગેરે)નું વર્ણન કરે છે તથા વડીલો પાસેથી મળતો વારસો અને તાલીમ (સંસ્થાઓની ભૂમિકા)નું મહત્વ વર્ણવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- મોટા ભાગની પરંપરાગત કલાઓ ઘરેથી જ શીખાય તે વિશે સમજ
- પાટણના પટોળાની વિશ્વમાં ખ્યાતિની વાતની ચર્ચા, સમજ,
- ગીત "છેલાજી રે" નું શ્રવણ ગાન
- પટોળા બનાવવાની રીત તેમાં વપરાતી સામગ્રી અને તે બનતા લાગતો સમય
- હસ્તકારીગરી આજે જોખમમાં છે તેની ચર્ચા સમજ
- સાળ, તાણા – વાણા, મલબારી સિલ્ક જેવી વસ્તુઓ તથા શબ્દોની સમજ અને ચિત્ર પ્રદર્શન
- લુહાર, સુથાર, કુંભારના કામ અને કયા શિખ્યા તે વાત
- અલગ – અલગ પરંપરાગત વ્યવસાયમાં વપરાતા અલગ – અલગ સાધનો, આવડત, જવાબદારી, ફરજોની સમજ
- પુસ્તકના કોષ્ટકમાં આપેલા કામો કોણ કરે છે ? કોની પાસેથી શિખ્યા ? અને તેમના નામ લખવા.

**શૈક્ષણિક સાધન :**

- પટોળાના ચિત્રો
- કમ્પ્યુટર દ્વારા નિદર્શન
- રાણીની વાવનું ચિત્ર
- સિલ્ક, વણાટકામ, વણાટ મશીન વગેરેના ચિત્રો
- કમ્પ્યુટરમાં નિદર્શન
- હાર્મોનિયમ, ઢોલક, મંજીરા, મોબાઇલ, કમ્પ્યુટર

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને સૌપ્રથમ પરંપરાગત કલા વિશે વાત કરી ઘણા બધા ઉદાહરણ આપીને સમજાવીશ. કે તે કલા ઘરેથી જ દેખાય છે. મોક્ષા અને

નિર્મલની વાત દ્વારા પાટણમાં વિશ્વ વિખ્યાત પટોળા ૭૦૦ પરિવાર બનાવવા તેની પરંપરા તેની વણાટ, રંગકામ, તાણા – વાણા, સિલ્ક વગેરેનો ઉપયોગ કરી પટોળું બનાવવામાં ખૂબ જ ધીરજ મહેનત તથા ૪ થી ૬ મહિનાનો સમય માંગે છે તે વાતની વિસ્તારની બાળકોને સમજ આપીશ. "છેલાજી રે" ગીત સંભળાવી ગવડાવીને પટોળાનું મહત્વ સમજાવીશ. પુસ્તક દ્વારા પટોળા બનાવવાની રીત બાળકોને સમજ આપીશ. તેની પાછળ થતો ઘણો ખર્ચની પણ વાત કરીશ. આજે આ હસ્ત કારીગરી જોખમમાં છે કારણ કે તેમાં ખર્ચ વધુ છે અને તે મૂલ્ય આપણે ન ચુકવતા ૭૦૦ માંથી ત્રણ કુટુંબ જ આજે આ કલા જીવંત રાખવા મથામણ કરી રહયા છે. વિદ્યાર્થીઓને વણાટ મશીન, મલબારી સિલ્ક વગેરે કમ્પ્યુટરમાં ચિત્ર બતાવીને સમજાવીશ આ કલા લુપ્ત થાય છે માટે આપણે તેનું યોગ્ય મૂલ્ય આપી ખરીદી કરી તેને જાળવવું જોઇએ. તે સંદેશો બાળકો દ્વારા અપાવીશ. લુહાર, સુથાર, કુંભાર શું કામ કરે છે અને તે કયાં શિખ્યા તે પૂછવા બાળકોને જણાવીશ. જેથી પરંપરા સમજાય. વ્યવસાયોમાં વપરાતા સાધનો તેની આવડત, જવાબદારીની સમજ તથા ફરજ વિશે વિદ્યાર્થીઓને યોગ્ય સમજ આપીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- વર્ગમાં પટોળાનું ગીત ગાવાની પ્રવૃત્તિ

**મૂલ્યાંકન**

- તમારા ઘરે શું વ્યવસાય છે ? શું તમને તે કામ ફાવે છે ? તમે કોની પાસેથી શિખ્યા ?
- પાટણમાં કઇ વાવ આવેલી છે ?
- હસ્તકારીગરી આજે શા માટે જોખમમાં છે ?
- પુસ્તકમાં આપેલ કોષ્ટકની વિગતો ભરી તે કામ કરતા તમે જાણતા લોકોના નામ લખો.
- બીજી ભારતમાં કઇ આવી વસ્તુ, સ્થળો, પ્રખ્યાત છે તેના તમે જાણતા હોય તો નામ લખો.

## માર્ચ માસનું પાઠ આયોજન
## ૨૩. દેશ પરદેશ

**અધ્યયન નિષ્પતિ :**

4.10 પોતાના અવલોકનો, અનુભવો, વસ્તુઓ અંગેની માહિતી, પ્રવૃતિઓ, મહત્ત્વની ઘટનાઓ કે મુલાકાત લીધેલ સ્થળો (જેમ કે મેળાઓ, તહેવારો, ઐતિહાસિક સ્થળો) અંગે અલગ રીતે નોંધ કરે છે તથા પ્રવૃત્તિઓ અને અસાધારણ ઘટનાઓની આગાહી કરે છે.

4.12 સાઇનબૉર્ડ, પોસ્ટર, નાણું (નોટા સિક્કા), રેલવે ટિકિટ, સમયપત્રક વગેરે માહિતીનો ઉપયોગ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- પૃથ્વીના ગોળામાં વિવિધ દેશો તેમાંની આબોહવા, વનસ્પતિ, ચલણી નાણા વિશે વર્ગમાં ચર્ચા
- હેન્સી, ઝીલની વાત દ્વારા અબુધાબીની આબોહવા
- રેતીના ઢૂવા તથા તેના રંગની વાત
- વરસાદ તથા પાણીનું મહત્વ
- રેતાળ વિસ્તારમાં તેની કિંમત
- રેતાળ જમીનમાંથી ઝડપથી મળતું ખનીજની ચર્ચા
- પેટ્રોલ રેતાળ વિસ્તારમાં પાણીથી સસ્તુ શા માટે ચર્ચા
- રણમાં થતું એક જ વૃક્ષ ખજૂર
- દેશ પ્રમાણે અલગ – અલગ ચલણના નામ, ભાષા
- વિદેશમાં આબોહવાની ચર્ચા
- ચલણી નોટો પર ક્રમાંકનું મહત્વ

**શૈક્ષણિક સાધન :**

- દુનિયા જોવા પૃથ્વીનો ગોળો
- ચલણી નોટો સિક્કા
- વિદશેના ફોટા તથા વિડીયો
- કમ્પ્યુટર દ્વારા નિદર્શન
- કમ્પ્યુટર દ્વારા ચલણી નોટો, સિક્કા

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને દેશ – પરદેશમાં પાઠમાં હેન્સી અને ઝીલની વાત દ્વારા તેમના સગા આબુધાબીથી ભારત આવ્યા તેની વાત કરેલ છે. ત્યાંની આબોહવા, ચલણ, વનસ્પતિ, પોશાક, વિસ્તાર વગેરેની વિસ્તૃત વાત કરી સમજ આપવામાં આવી છે. પૃથ્વીનો ગોળો બતાવી વિદ્યાર્થીઓને તેમાં અબુધાબી શોધવા જણાવીશ. ત્યારબાદ પાઠ વાંચન દ્વારા અબુધાબીમાં ખૂબ જ રેતી

વાળો વિસ્તાર જયાં વસવાટ હોય ત્યાં ઉંચી – ઉંચી ઇમારતો કાચની બારીઓ ખૂબ જ ગરમી હો છે તે વાત કરીશ. ગરમીથી બચવા માથા ઉપર જે બાંધે છે તથા કોટન કપડાં પહેરે છે. તે વાત સમજાવીશ. ત્યાં રેતાળ વિસ્તાર વધારે હોવાથી અને પાણી વરસાદ ખૂબ ઓછો હોવાથી વૃક્ષ જોવા મળતા નથી. ફકત ખજૂરનુ વૃક્ષ રેતાળ વિસ્તારમાં દેખાય છે. ત્યાંના ચલણનું નામ 'દિરહામ' છે તેમજ બીજા દેશના જે વિધાર્થીઓ જાણતા હોય તેના નામ અને ચલણ વર્ગમાં બોલવા જણાવીશ. રેતાળ જમીનમાં પેટ્રોલ ઝડપથી તથા સસ્તુ મળે છે તે વાત સમજાવીશ. ત્યાંની આબોહવા ખૂબ ગરમી વાળી હોય છે. ત્યાંની ભાષા અરબી છે. આમ વિધાર્થીઓને વિદેશની આબોહવા, પોશાક, ચલણ, વનસ્પતિ, ભાષા વગેરે માહિતીથી જાણકાર કરીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- ગુજરાત તથા અબુધાબીને સરખાવતો અહેવાલ લેખનની પ્રવૃત્તિ
- ભારત અને વિદેશની અલગી નોટોનું વર્ગીકરણની પ્રવૃત્તિ

**મૂલ્યાંકન**

- રણમાં વૃક્ષો કેમ ઉંચા હોય છે ?
-તમારા કોઇ સગા બીજા દેશમાં રહે છે ?કયા દેશમાં ?
- પુસ્તકમાંની ચલણી નોટોનું મૂલ્ય લખો.
- દસ રૂપિયાની નોટ પર કેટલી ભાષાઓ જોઇ શકાય છે ?
- નોટો પર નંબર નું શું મહત્વ છે ?
- રણમાં વૃક્ષો કેમ ઓછા હોય છે ?
- આ પાઠમાં કયા દેશની વાત કરવામાં આવી છે ?

**માર્ચ માસનું પાઠ આયોજન**

**૨૪. મસાલેદાર કોયડા**

**અધ્યયન નિષ્પતિ :**

4.01 આસપાસ જોવા મળતી વનસ્પતિનાં મૂળ, ફૂલ અને ફળોનાં સાદાં લક્ષણોને ઓળખે છે. (જેમ કે આકાર, રંગ, સુગંધ, તે ક્યાં ઊગે છે તેમજ અન્ય બાબતો વગેરે)

4.08 અવલોકનક્ષમ લક્ષણોને આધારે પ્રાણી, પક્ષી, વનસ્પતિ, સાધનો તેમજ બિનઉપયોગી વસ્તુઓનું વર્ગીકરણ કરે છે. (જેમ કે દેખાવ (કાન, વાળ, ચાંચ, દાંત, ચામડી અને શરીરની સપાટી), પ્રાણી (પાલતું, જંગલી), વનસ્પતિ (ફળ, શાક, કઠોળ, તેજાના અને ખોરાકનો જીવનકાળ/ ટકાઉપણું), ઉપયોગ (ખાદ્ય, ઔષધીય, સુશોભન, અન્ય અને પુનઃઉપયોગ) લાક્ષણિકતાઓ (ગંધ, સ્વાદ, ગમો- અણગમો વગેરે)

**શૈક્ષણિક મુદ્દા :**

- ચિત્ર દ્વારા તથા કોયડાનું પઠન કરીને તેનો ઉકેલ
- રસોઇમાં ઉપયોગમાં લેવાતા મસાલા, તમાલ પત્ર, ઇલાયચી, મરીના છોડ કયાં થાય છે તે ચર્ચા
- મસાલા આંખો બંધ કરી દરેક મસાલા સ્પર્શ કરી સુગંધથી ઓળખવાની પ્રવૃત્તિ
- મસાલાના ચિત્રો દોરવાની પ્રવૃત્તિ
- ઘરમાં રસોઇ માટે કયા મસાલાનો ઉપયોગ થાય છે તેની યાદી બનાવવી.
- પોતાના ઘરના દાદા – દાદી તેવો નાના હતા ત્યારે તેમના રસોડામાં કયા મસાલાનો ઉપયોગ થતો હશે તેની ચર્ચા
- ચણાચાટ બનાવવાની રીત

**શૈક્ષણિક સાધન :**

- વિવિધ મસાલાઓ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- શિક્ષક બાળકોની મસાલેદાર કોયડા પાઠમાં આવતા ચિત્રો અને કોયડાની ચર્ચા કરીશ. બાળકો ચિત્ર પરથી કોયડાને સમજશે અને એ મસાલાનો કયાં ઉપયોગ થાય છે તેનો સ્વાદ કેવો છે તેનો કલર કેવો છે અને તે રસોઇમાં કયાં ઉપયોગ થાય છે તેની ચર્ચા બાળકો સાથે કરીશ. આમ પાઠમાં આપેલા ચિત્ર દ્વારા બનાવેલા કોયડાની વારાફરતી સમજ આપીશ.

બાળકો સાથે તેના સ્વાદની, કલરની અને તેના ઉપયોગની સમજ આપીશ અને તેના નામ પણ લખાવી આપીશ. બાળકોને તેમના ઘરમાં રસોઇમાં કયા – કયા મસાલાનો ઉપયોગ થાય છે તેની યાદી બનાવી લાવવાની કહીશ. બાળકો તે પ્રમાણે યાદી બનાવી લાવશે. બાળકોની તેમના ઘરમાં રહેતાક દાદા – દાદી જયારે નાના હતા ત્યારે તેમના રસોડામાં કયા મસાલાનો ઉપયોગ થતો હતો તે શોધી લખી લાવવા કહીશ. રસોઇમાં ખોટા સ્વાદ માટે શું નાખવામાં આવે છે તે ઘરે ચર્ચા કરી લખી લાવવા કહીશ. આપણા વિસ્તારમાં કઇ જગ્યાએ મસાલા ઉંઘે છે અને કયા મસાલા લો છે તે નામ સાથે લખી લાવવા કહીશ. પાઠય પુસ્તકમાં આપેલા કોષ્ટકમાં જેને આંખો બંધ કરી મસાલાનું સ્પર્શ કરીને સુગંધથી ઓળખવાનું પ્રયત્ન બાળકો સાથે કરાવી કોષ્ટક પૂર્ણ કરાવીશ. બાળકોને ચટાકેદાર ચણાચાટ બનાવવાની પ્રવૃત્તિ સમજાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- આંખો બંધ કરી મસાલાના સ્પર્શ અને સુગંધની તેને ઓળખવા પ્રવૃત્તિ
- બીજા અન્ય મસાલાના કોયડા બનાવવા
- ચણાચાટ બનાવવાની પ્રવૃત્તિ

**મૂલ્યાંકન**

- તમારા ઘરે કયા મસાલાનો ઉપયોગ થાય છે ?
- તમારા દાદી તેમના સમયમાં નાના હતા ત્યારે કયા મસાલાનો ઉપયોગ કરતા હતા ?
- નમકીન અને મિઠાઇ બન્ને વસ્તુમાં નખાય તેવા મસાલાનું નામ લખો.
- રસોઇમાં ખાટો સ્વાદ લાવવા શું નાખવામાં આવે છે ?
- તમારા વિસ્તારમાં કયા મસાલા ઉંઘે છે ?

**માર્ચ માસનું પાઠ આયોજન**

**૨૫. મારો જિલ્લો**

**અધ્યયન નિષ્પતિ :**

4.11 નકશામાં દર્શાવેલા ચિહ્નો, સ્થળો અને દિશાઓ વગેરે ઓળખે છે અને તેના આધારે દિશા સૂચવે છે.

4.16 નકશામાં પોતાના જિલ્લાની વિગતો શોધી શકે છે અને તેની નોંધ કરે છે. (જેમ કે જોવાલાયક અને મહત્ત્વનાં સ્થળો, નદીઓ, ખેતી, ઉદ્યોગો વગેરે)

**શૈક્ષણિક મુદ્દા :**

- ગુજરાતમાં દર વર્ષે થતા ખેલ મહાકુંભની સમજ તથા તેમાં દરેક જિલ્લામાંથી ભાગ લેતા રમતવીરો રાજ્ય કક્ષાના ખેલ મહાકુંભમાં પોતાના જિલ્લાનું પ્રદર્શન કરે છે તે સમજ
- પોતાના જિલ્લાની માહિતી મેળવી અને ભરવી
- પોતાના જિલ્લામાં આવેલા કુલ તાલુકા સરહદે આવેલા જિલ્લાઓની માહિતી એકઠી કરવી.
- પોતાના જિલ્લામાં આવેલી નદીઓ, મોટા શહેરો, ડુંગર, જોવાલાયક સ્થળો, અભયારણ્ય, મેળા મુખ્ય પાકો વગેરેની ચર્ચા કરવી.
- ડાંગ અમદાવાદ, જુનાગઢ, કચ્છ, નર્મદા વગેરે જિલ્લાની જેમ પોતાના જિલ્લામાં જોવાલાયક સ્થળો વિશેની ચર્ચા અને લેખન
- પોતાના જિલ્લાનો નકશો મેળવી તેમાં આવેલા તાલુકાની યાદી બનાવવી.
- સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશે વધુ માહિતી મેળવવી.

**શૈક્ષણિક સાધન :**

- ગુજરાતનો નકશો
- જિલ્લાનો નકશો
- ગુજરાતમાં જોવાલાયક સ્થળો, નદીઓ, પર્વતોનો વિડીયો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- સૌપ્રથમ મારો જિલ્લો પાઠમાં ગુજરાત રાજયમાં થતા ખેલ મહાકુંભનું આયોજ જે દર વર્ષે રાજયના ખેલ મહાકુંભમાં જુદા જુદા જિલ્લામાંથી રમતવીરો ભેગા થાય છે તેની સમજ આપશી. બાળકોને ગુજરાત રાજયનો

નકશો બતાવી કચ્છને રાજસ્થાન રાજયની બોર્ડર તથા પાકિસ્તાનની બોર્ડર ૫ણ અડે છે તે નકશા દ્વારા સમજ આપીશ. કચ્છ જિલ્લાની જેમ બાળકોને પોતાના જિલ્લાની માહિતી પાઠય પુસ્તકમાં ભરાવીશ. પાઠય પુસ્તકમાં આપેલા જુદા – જુદા જિલ્લાઓની માહિતીની જેમ બાળકોને પોતાના જિલ્લામાં જોવાલાયક સ્થળો, નદી, પર્વતો વગેરેની માહિતી ભેગી કરી બાળકોની સમજ આપી લખાવીશ. બાળકોને અન્ય જિલ્લામાં આવેલા છે તે ગુજરાતના નકશા દ્વારા બાળકોની બતાવીશ. બાળકોને પોતાના જિલ્લાનું નકશો બતાવી તાલુકાની યાદી બનાવડાવીશ. આપણા જિલ્લામાં થતા વૃક્ષો અને પાકની યાદી બનાવડાવીશ. આપણા તાલુકામાં ભરાતા મેળાઓ, ઉદ્યોગો, અભયારણ્ય, ધાર્મિક સ્થાનો, જોવાલાયક સ્થળો વૃક્ષો વગેરેની યાદી બનાવડાવીશ. સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશે શિક્ષક ચિત્ર કે વિડીયો દ્વારા બાળકોને વધુ માહિતી આપીશ....

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- પોતાનો જિલ્લો બનાવવાની પ્રવૃત્તિ
- પોતાના જિલ્લામાં આવેલા તાલુકા અને તેની સરહદો બનાવવી.
- પોતાના જિલ્લામાં જોવાલાયક સ્થળો, ૫ર્વતો, નદીઓ વગેરેની યાદી બનાવવી.
- ગુજરાતના જોવાલાયક સ્થળોની યાદી બનાવવી
- સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશે વધુ માહિતી મેળવવી.

**મૂલ્યાંકન**

- આપણા જિલ્લામાં જોવાલાયક સ્થળો કયા કયા છે.
- આપણા જિલ્લામાં કઇ કઇ નદીઓ આવેલી છે.
- આપણા જિલ્લામાં કેટલા તાલુકા છે અને કયા કયા ?
- આપણા જિલ્લામાં કયા વૃક્ષો અને પાક થાય છે ?
- આપણા જિલ્લામાં મેળાઓ કયાં ભરાય છે ?
- સ્ટેચ્યું ઓફ યુનિટી કયા જિલ્લામાં આવેલી છે ?